પોલીસ ખાતા રહેણાંક તથા બિનરહેણાંકના મકાનોના મજબૂતી કરણ અને કક્ષા ઉંચી લઈ જવા માટેની ગ્રાન્ટ ફાળવવા બાબત. સને ૨૦૧૪–૧૫(આયોજન હેઠળ) (માહે એપ્રિલ–૨૦૧૪ થી સપ્ટેમ્બર–૨૦૧૪)

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક :– બજટ/૮૭૬/૨૦૧૪/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૧૭–૯–૨૦૧૪

**વંચાણે લીધા :–**

૧. વિભાગનો તા. ૩૧–૭–૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક– બજટ/૮૭૬/૨૦૧૪/લ
૨. વિભાગની બજેટ શાખાનો તા.૨૮–૮–૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક–બીજીટી/૧૦૨૦૧૪/૨૪૨૪૨૧/પીએસ–૧૩/આર

**ઠરાવ :–**

પોલીસ ખાતાના રહેણાંક તથા બિનરહેણાંકના મકાનોના મજબૂતીકરણ અને કક્ષા ઉંચી લઈ જવા માટે આયોજન હેઠળ સને૨૦૧૪–૧૫ માં રૂ.૨૦૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા બે હજાર લાખ પૂરા)ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. બજેટ શાખાના ઉકત સંદર્ભ ક્રમાંક–૨ પર દર્શાવેલ તા.૨૮–૮–૨૦૧૪ ના ઠરાવથી આ હેતુ માટે રૂ. ૭૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા સાતસો લાખ પૂરા) નીચેની વિગતે ઉપસચિવશ્રી(બજેટ)ના હવાલે મૂકવામાં આવેલ છે

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે, તેમજ સને ૨૦૧૪–૧૫ માં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૪૬(આયોજન હેઠળ) |
| મુખ્ય સદર | : | ૪૨૧૬ પોલીસ અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧ – સરકારી રહેણાંક મકાનો |
| ગૌણ સદર | : | ૭૦૦ – અન્ય આવાસો |
| પેટાસદર | : | ૧૦ – પોલીસ માટેના રહેણાંક તથા બિનરહેણાંકના મકાનોના મજબૂતીકરણ અને કક્ષા ઉંચી લઈ જવા |
| હેડ ચાર્જેબલ | : | ૪૨૧૬ ૦૧ ૭૦૦ ૧૦ |

ઉપર્યુકત પોલીસ માટેના રહેણાંક તથા બિનરહેણાંકના મકાનોના મજબૂતીકરણ અને કક્ષા ઉંચી લઈ જવા માટે ક્રમાંક–૨ માં દર્શાવેલ ઠરાવથી માહે **<u>એપ્રિલ–૨૦૧૪ થી સપ્ટેમ્બર–૨૦૧૪ ના સમયગાળા માટે બજેટ શાખા દ્વારા રીલીઝ કરવામાં આવેલ કુલ રૂ. ૭૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા સાતસો લાખ પૂરા) ની ગ્રાન્ટ</u>** વિભાગના ઉપાડ અને વહેંચણી અધિકારી (DDO:586) અને ઉપસચિવશ્રી(બજેટ) મારફતે અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લીમીટેડ, ગુજરાત રાજય, ગાંધીનગરના હવાલે મુકવામાં આવે છે. તેમજ આ ગ્રાન્ટ ઓનલાઈન રીલીઝ કરવામાં કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લીમીટેડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સંયુકત સચિવશ્રી (ટીસીએન્ડટી), ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, ક–શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગ, વ અને ર–શાખા, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- વિમાનિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ/નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઈલ.